હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તમારી પાર્ટીમાં તમારો કોઈ ભાવ પુછતું ન હોય તો અમારી પાર્ટીમાં એકવાર આવી જાવ... પછી જુઓ કેવું સન્માન મળશે અને તે પણ તમારી પાર્ટીમાં આવવા કરતા ઓછા ચાર્જમાં જ...!!

દલિત સેના દ્વારા સ્વ.રામવિલાસ પાસવાનજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરાશે

ભારતના દલિત, શોષિત, વંચિત, ગરીબ વર્ગના મસિહા અને દલિતસેનાના સ્થાપક તેમજ દિગ્ગજ રાજકારણી કેન્દ્રીય મંત્રી સ્વ. રામવિલાસ પાસવાનજીના નિધન થી ગાંધીનગર જિલ્લા દલિત સેના શોક અને આઘાતની લાગણી અનુભવે છે. દેશ અને સમાજમાં દલિતનેતાની બહુ મોટી ખોટ પડી છે. ત્યારે સ્વ. રામવિલાસ પાસવાનજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ તા.૧૮-૧૦-૨૦૨૦ રવિવારના રોજ સવારે ૯ કલાકે ઈન્દુલાલ યાજ્ઞિક મ્યુ. હોલ બાપુનગર અમદાવાદ ખાતે આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા દલિત સેનાના હોદેદારો, સમાજના આગેવાનોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, ઉપપ્રમુખ જે.બી.છત્રારીયાએ અનુરોધ કર્યો છે.

એસ.ટી. નિગમની મુસાફર પાસ યોજનાના લાભાર્થીઓમાં ૮૦ ટકાનો ઘટાડો

અગાઉ પ્રતિદિન ૧૦૦ પાસ ઇસ્યુ કરવામાં આવતા હતા, હાલ માત્ર રોજના ૧૫ થી ૨૦ પાસની ડીમાન્ડ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં એસ ટી બસમાં મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો થતા છેલ્લા ત્રણ મહીનાથી એસ ટી ની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જયારે લોભામણી મુસાફર પાસ યોજના પણ કોરાના કાળથી પ્રભાવિત છે. મુસાફર પાસ યોજના અન્વયે અગાઉ પ્રતિદિન સો પાસ ઈસ્યુ કરવામાં આવતા હતા જયારે હાલ રોજ માંડ ૧૫ પાસ ઈસ્યુ કરવામાં આવે છે. ૧૫ દિવસના ભાડામાં ૩૦ દિવસની મુસાફરીનો લાભ આપતી આ યોજના અન્વયે પણ મુસાફરોમાં ૮૦ ટકાનો ઘટાડો થયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં લોકડાઉનના અંતે બસ વ્યવહાર ધમધમી રહ્યો છે. પરંતુ હજુ એસ ટી બસમાં મુસાફરોની સંખ્યામાં ઘટાડો યથાવત છે. અલબત્ત એસ ટી ની સલામત સવારીને પુરતો ટ્રાફિક મળતો નથી. લોકડાઉન પુર્વે

ગાંધીનગર એસ ટી ડેપોમાં રોજ મુસાફર પાસ યોજના અન્વયે ૧૦૦ પાસ ઈસ્યુ કરવામાં આવતા હતા. જયારે હાલની સ્થિતિએ માત્ર ૧૫ જેટલા પાસ જ ઈસ્યુ કરવામાં આવે છે. અલબત્ત મુસાફર પાસ યોજનાના લાભાર્થીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. એકબાજુ કોરાના ઈફેકટના લીધે એસ ટી નિગમની આવકમાં ધરખમ ઘટાડો થયો છે.

અગાઉ ગાંધીનગર ડેપોને પ્રતિદિન રૂ ૫.૫૦ લાખની આવક થતી હતી જયારે હાલ આ આવક ઘટીને રૂ ૨.૨૫ લાખ જેટલી થઈ ગઈ છે. ગાંધીનગર અમદાવાદા વચ્ચે દોડતી શહેરી બસ સેવાના પણ તમામ રૂટો શરૂ કરી દેવાયા છે. જયારે શહેરી બસ સેવા ઉપરાંત સૌરાષ્ટ્ર સહીત બહારગામના રૂટોની બસો પણ શરૂ કરી દેવામાં આવી છે. ગાંધીનગર ડેપોમાં આવકની જેમ મુસાફરોની સંખ્યામાં પણ ૫૦ ટકાથી વધુ ઘટાડો થયો છે. સલામત સવારીમાં હવે ૩૦ ના બદલે મુસાફરોની સંખ્યામાં પણ વધારો કરી દેવાયો છે. જેથી એસ ટી નિગમને પણ આર્થિક રાહત મળે અને મુસાફરોને પણ હાલાકી વેઠવી ન પડે પરંતુ હજુ પણ નગરજનો કોરોનાના સંક્રમણથી બચવા માટે બને ત્યાં સુધી એસ ટી બસમાં બેસવાનુ ટાળી રહ્યા છે. જેના લીધે ડેપોમાં રોજબરોજ અવરજવર કરતા મુસાફરોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. મુસાફરોને સલામત સવારીનો લાભ આપવા માટે એસ ટી નિગમ દ્વારા મુસાફર પાસ યોજના પણ છેલ્લા કેટલાક સમયથી શરૂ કરવામાં આવી છે. પરંતુ હાલની સ્થિતિએ મુસાફર પાસ યોજના પણ ઠપ્પ થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. મુસાફર પાસ યોજના અન્વયે હાલ માત્ર પ્રતિદિન ૧૫ મુસાફરો જ તેનો લાભ લે છે. અગાઉ આ યોજના અન્વયે રોજ ૧૦૦ પાસ ઈસ્યુ કરવામાં આવતા હતા.

ખૂણેખાંચરેથી

- મનપા સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાને આજે એપોલોમાંથી રજા આપવામાં આવી છે. જો કે હજુ સાત દિવસ તેમને ક્વોરોન્ટાઈન રહેવુ પડશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોરનો આજે કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.
- ગાંધીનગર શહેર ભાજપના સોશિયલ મિડિયાના ગ્રુપોમાં પણ હવે જૂથબંધીના પડઘા દેખાતા શહેરમાં ભારે ચર્ચા જાગી છે.
- રાજ્ય સરકારના મહેસુલ વિભાગે આજે ૩૬ મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.
- ગુજરાત જાહેર સેવા આયોગે આજે તેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેની તારીખો જાહેર કરી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ૩ પશુધન નીરીક્ષકો સેવા નિવૃત્ત થયા છેતેમજ ૬ જેટલા પશુપાલન અધિકારીઓને મદદનીશ પશુપાલન અધિકારી તરીકે બઢતીના હુકમો પણ જારી કરાયા હોવાથી વિદાય-આવકારનો અનોખો કાર્યક્રમ આજે યોજાયો હતો.

શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગરને કોંગ્રેસના કોર્પોરેટર હિરલ ઉર્પલ જોષીની ગ્રાન્ટમાંથી સાઉન્ડ સિસ્ટમ અર્પણ કરવામાં આવી છે. મંડળ દ્વારા યોજાતા સામાજિક અને શૈક્ષણિક કાર્યક્રમોમાં આ સાઉન્ડ સિસ્ટમનો લાભ લઈ શકાશે. આ પ્રસંગે કોર્પોરેટર રાકેશભાઈ પટેલ અને જયરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

રીક્ષાનો ભંગાર વેચવા માટે જતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪

રીક્ષામાં અન્ય રીક્ષાના સ્પેરપાર્ટસ (ભંગાર) ભરી વેચવા માટે નીકળેલા બે શખ્સનોને સેકટર-૨૮ જીઆઈડીસી પાસેથી એલસીબી પોલીસે દબોચી લીધા છે. પોલીસે રીક્ષામાંથી રૂ.૬ હજારનો ભંગાર અને ભંગાર વેચવા માટે ઉપયોગમાં લીધેલી રીક્ષા કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં પીએસઆઈ ડી.એસ. રાઓલની ટીમના એએસઆઈ હજારીસિંહ અને હેડકોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી કે સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં સીએનજી રીક્ષા નં.જી.જે.૧.ટી.ઈ.-૩૯૬૯ માં બે શખ્સો ચોરીની રીક્ષાનો ભંગાર વેચવા માટે ફરી રહ્યા છે અને હાલ તેઓ ગોકુલ આઈસ્ક્રીમ કંપની પાસે ઉભા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા પોલીસને રીક્ષા મળી આવી હતી. પોલીસે રીક્ષામાં બેઠેલા વ્યકિતને નામ પુછતા તેણે સુરેશ ભરત પટ્ટણી (ઉ.૨૪ રહે. બ્લોક નં.૧૧-૪૫૬ વાલ્મીકી આવાસ યોજના સુભાષનગર અમદાવાદ), તેમજ નરેશ ઉર્ફે કાલુ નગીનભાઈ પટ્ટણી (ઉ.૨૨, રહે. બ્લોક નં.૧૦-૪૩૯ વાલ્મીકી આવાસ યોજના સુભાષનગર) હોવાનું સામે આવ્યું હતું. જયારે રીક્ષામાં તપાસ કરતા અન્ય રીક્ષાનો ભંગાર હતો. જેમાં સ્પેરપાર્ટસ કાપી નાંખેલા, બોડીનો ભાગ, એન્જીનનો ભાગ, પડખા, સ્ટેયરીંગનો ચીપીયો, ત્રણ ટાયર સ્ટેપડી સાથેનો રૂ. ૬ હજારનો ભંગાર મળી આવ્યો હતો. પોલીસે રીક્ષાના ભંગાર અંગે પુછતા તેઓ સંતોષકારક જવાબ આપી શક્યા નથી. પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓ ભંગાર લે-વેચનો વેપાર કરે છે. સેકટર-૨૧ ખાતે વિશ્વકર્મા શોપીંગની સામે લાયબ્રેરી પાછળ ઘણા સમયથી એક રીક્ષા ભંગાર હાલતમાં પડી હતી. બે ત્રણ દિવસ પહેલા તેઓ આ રીક્ષા રાત્રીના સમયે રીક્ષા પાછળ બાંધીને ખેંચીને ક-૭ પાસે ઝાડીઓમાં મુકી આવ્યા હતા.આ રીક્ષાના સ્પેરપાર્ટસ અલગ કરી અન્ય રીક્ષામાં ભરી ભંગારમાં વેચવા માટે નીકળ્યા હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૫૦ હજારની રીક્ષા અને રૂ.૬ હજારનો રીક્ષાનો ભંગાર કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આજે ગુજકોસ્ટે આંતરરાષ્ટ્રીય આપદા જોખમ નિવારણ દિવસ ઉજવ્યો

ગાંધીનગર તા.૧૪

ઓકટોબર મહિનાનો બીજો બુધવાર દર વર્ષે આંતરરાષ્ટ્રીય આપદા જોખમ નિવારણ દિવસ તરીકે ઉજવવામાં

આવે છે. આ દિવસે કુદરતી આપત્તિઓ સામે કેવી રીતે તૈયાર રહેવું આ અંગેની જાણકારી અને માહિતી આપતા કાર્યક્રમો યોજવામાં આવે છે. પ્રવર્તમાન કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી છે જેની સામે ૨૦૦થી વધારે દેશો લડી રહ્યા છે, આ ઉપરાંત આ મહામારીની અસરો ઘણા લાંબા સમય માટે જોવા મળશે એવું લાગી રહ્યું છે. આ આપત્તિ સામે લડવાના ભાગરૂપે શાળાઓ ઘણા લાંબા સમયથી બંધ છે અને શિક્ષણ કાર્ય પણ ઓનલાઈન માધ્યમથી ચાલી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે "બી પ્રીપેર્ડ બી સેફ" વિષય પર ચર્ચા કરવા ગુજકોસ્ટ દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજકોસ્ટ દ્વારા આ કાર્યક્રમનું આયોજન તા.૧૪મી ઓકટોબર બુધવારના રોજ બપોરે ૩.૦૦ થી સાંજે ૫.૦૦ દરમિયાન ગૂગલ પ્લેટફોર્મ પર કરવામાં આવ્યું હતું જેમાં રાજસ્થાન હિન્દી હાઈ સ્કૂલના પૂર્વ આચાર્ય ડો. સૈલજા નાયર, જવાહાર નવોદયા વિદ્યાલય ગાંધીનગરના પૂર્વ આચાર્ય કે બસિવી રેડ્ડી, કેન્દ્રીય વિદ્યાલય નં:૧ ગાંધીનગરના આચાર્ય મોહનચંદ્રા સત્યાવલી, અમદાવાદની શેઠ અમુલખ સ્કૂલના આચાર્ય નીતા શાહ અને ગુજકોસ્ટના સલાહકાર ડો. નરોતમ સાહુ વગેરે કાર્યક્રમના મહેમાન અને વકતાઓ હતા. આશરે ૧૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ કાર્યક્રમમાં ગુગલ મીટના માધ્યમથી જોડાયા હતા. આ પ્રસંગે ડો. નરોતમ સાહુએ આમંત્રિત વકતાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આવકાર્યા હતા અને ત્યારબાદ આંતરરાષ્ટ્રીય આપદા જોખમ નિવારણ દિવસનું મહત્વ અને કેવી રીતે આપદાનો સામનો કરવો તેના વિશે સમજાવવામાં આવ્યું હતું રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલ અમદાવાદના નિવૃત આચાર્ય ડો. શૈલજા નાયર દ્વારા કોવિદ-૧૯ મહામારીના લીધે શાળાઓ તથા બાળકો પાર થયેલી અસરો અને આ અસરોના નિવારણ માટેના ઉપાયો વિષે ચર્ચા કરવામાં આવી હતી જયારે જવાહર નવોદય વિદ્યાલયના નિવૃત આચાર્ય કે બાસીવી રેડ્ડી એ જણાવ્યું કે મહામારીએ વિદ્યાર્થીઓને સતત પ્રવૃતિમય રહીને નવું શીખવાની તક આપી છે. કેન્દ્રીય વિદ્યાલયના આચાર્ય મોહનચંદ્ર સત્યાવાલી દ્વારા ન્યૂ નોર્મલ તબક્કામાં વિદ્યાર્થીઓ દ્વારા ધ્યાનમાં રાખવા જેવી બાબતો ચર્ચવામાં આવી હતી. શેઠ અમૂલખ સ્કૂલ અમદાવાદના આચાર્ય નીતા શાહ દ્વારા કોવિદ-૧૯ મહામારીમાં વિદ્યાર્થીઓને સકારાત્મક સંદેશો આપ્યો હતો અને મજબૂત મનોબળથી ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખવા અને વિદ્યાર્થીઓને પોતાની તથા કુટુંબની સંભાળ રાખવા જણાવ્યું હતું.

વિશ્વ બાળ કન્યા દિવસ નિમિત્તે

ડભોડા કન્યા શાળાને હાઈજેનીક કીટ અને ૨૦ બેસવાની બેન્ચનું દાન અપાયુ

ચિલોડા, તા. ૧૪

કન્યા કેળવણીને ઉત્તેજન આપવા અને ઉત્કર્ષ માટે સદાય હરહંમેશ તત્પરતા દર્શાવનાર અમદાવાદ બિનર્જી લેડીઝ સર્કલ-૧૬૫ તથા એરીયા ટીમ-૧૧ દ્વારા

ડભોડા કન્યા શાળાને ૩૦ જેટલી હાઈજેનીક કીટ તથા ૨૦ નંગ બેસવાની બેન્ચ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ૨૦ નંગ ચણિયાચોળીની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ચેર પર્સન જયા પાઠક તથા પાયલ ગેહલોત દ્વારા કોરોના વાયરસ અને સંક્રમણથી બચવાની સમજ અપાઈ હતી. કન્યા શાળા દ્વારા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સંસ્થા દ્વારા અગાઉ રમત-ગમતના સાધનો શાળાને અર્પણ કરાયા હતા.

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે એસી ડ્રાઈવ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન વિષયે વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

કોરોના મહામારીના પગલે શૈક્ષણિક સંસ્થાઓમાં વર્તમાન શૈક્ષણિક ટર્મની મુદત ઓન લાઈન શિક્ષણ અધ્યયન પ્રક્રિયા સાથે પૂર્ણ કરવાની આરે છે. કોવિડ – ૧૯ની પેનડેમિક સ્થિતિમાં ઈન્ડસ્ટ્રિયલ મુલાકાતને બદલે ઈન્ડસ્ટ્રિયલ નિષ્ણાત સાથે લાઈવ વાતચીત કરવા માટે "એસી ડ્રાઈવ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન" પર એક લાઈવ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાવર ઈલેક્ટ્રોનિક્સ વિભાગના વડા પ્રાધ્યાપક ડો.આઈ. એન. ત્રિવેદી અને પ્રિન્સિપાલ ડો. એન.એન. ભૂપતાની, વેબિનારમાં નિષ્ણાત તરીકે અમદાવાદના પ્રસાદ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના બિઝનેસ ડેવલપમેન્ટના હેડ નિકેત માંકડ હાજર રહ્યાં હતા જમની પાસે ૨૦ વર્ષનો કોર પાવર ઈલેક્ટ્રોનિક્સ ફાઈલ થયો છે તેમજ કોર ક્ષેત્રનો મેનેજમેન્ટ અનુભવ છે. આ કાર્યક્રમનું આયોજન ડો. એ, એમ. હક્ક, પ્રો. એન. ડી. મહેતા અને પ્રો. આશિષ પટેલ દવારા

કરવામાં આવ્યું હતું.

નિકેત માંકડે વેબિનાર "એસી ડ્રાઈવ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન" માં પોતાનો કિંમતી સમય, નોલેજ અને અનુભવ શેર કર્યો હતો. તેમણે વિવિધ પ્લાન્ટ્સ અને પેકેજિંગ મશીન, પેપર મિલ્સ અને ટેક્સટાઈલ ઉદ્યોગ જેવા એસી ડ્રાઈવ્સની ઈન્ડસ્ટ્રિયલ એપ્લિકેશનને ખૂબ જ રસપ્રદ ભાષામાં અને એક રસપ્રદ રીતે સમજાવી હતી. લાઈવ વેબિનારમાં તેમણે પ્રોસેસ પ્લાન્ટ ઓ ટોમેશન હાયરાર્કી, ઈન્ડસ્ટ્રિયલ ઓટોમેશનની જરૂરિયાત, એસી ડ્રાઈવ્સ અને ઈન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન અને પાવર ઈલેક્ટ્રોનિક્સના ભાવિ પર ચર્ચા કરી હતી. પાવર ઈલેક્ટ્રોનિક્સના વિદ્યાર્થીઓને આ વેબિનાર ખૂબ માહિતીપ્રદ લાગે છે અને તેઓ ઉદ્યોગના નિષ્ણાત દ્વારા વિતરિત સામગ્રીથી સંતુષ્ટ છે. તેઓએ નિષ્ણાત સાથે વાતચીત કરી છે અને પ્રશ્નો અને શંકાઓ માટે સંતોષકારક જવાબો મેળવ્યા હતા.

સેકટર-૨૧ હોન્ડાના શો રૂમ પાસેથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત હોન્ડાના શો રૂમની સામેની બાજુએ પાર્ક કરેલી રીક્ષાની ચોરી થઈ છે. જેથી હોન્ડાના કર્મચારી દશેલાના યુવક પ્રદિપ બાબુભાઈ પરમારે રૂ.૯૦ હજારની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ દશેલા ગામનો પ્રદિપ પરમાર સેકટર-૨૧ હોન્ડા શોરૂમ ખાતે ડેમોવાન ચલાવે છે. દશેલાથી ગાંધીનગર આવવા જવા માટે તે રીક્ષાનો ઉપયોગ કરતો હતો. ગત તા.૧૦ ના રોજ તે રીક્ષા નં.જી.જે.૧૮.બી.યું.-૦૬૧૫ લઈને નોકરી આવ્યો હતો અને શો રૂમ પાસે પાર્ક કરી હતી. ત્યારબાદ તે ડેમોવાન લઈને છાલા ગયો હતો. ત્યારબાદ તે દશેલા ઘરે ગયો હતો. ત્યારે તા.૧૧ ના રોજ સવારે શો રૂમ ખાતથી ફોન આવ્યો હતો કે તારી રીક્ષા ગુમ છે. જેથી યુવક ઘરેથી તાત્કાલીક સેકટર-૨૧ શો રૂમ ખાતે આવી ગયો હતો.

ગાંધીનગરની બાજુમાં આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા ધામમા બિરાજમાન રાધા-કૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજનો પવિત્ર અધિક માસમાં એકાદશી દિવસે પંચામૃત સહિત અભિષેક તથા ફરાળી અન્નકોટનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના મહંત પૂજ્ય સર્વજીવ હિતાવહ સ્વામી તથા ઘનશ્યામ જીવન સ્વામીની પ્રેરણાથી દરેક ભાવિક ભક્તોએ દિવ્ય દર્શનનો લાભ લીધો હતો.

હવે, બારદાનમાં ૨૫ કિલો મગફળી ભરવામાં આવશે

મગફળી ટેકાની ખરીદીનો ૨૧મી ઓકટોબરથી શુભારંભ

અત્યાર સુધીમાં સવા ૪ લાખ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું

ગાંધીનગર,તા.૧૪

રાજ્યમાં આગામી ૨૧મી ઓકટોબરથી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરાશે. જેમાં બારદાનમાં ૩૫ કિલોના બદલે ૨૫ કિલો મગફળી ભરવાનો રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે.

મંત્રી રાદડિયાએ ઉમેર્યું કે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી અંગે ધારાસભ્યો અને ખેડૂત આગેવાનો દ્વારા મળેલ રજૂઆતો સંદર્ભે વિસ્તૃત ચર્ચા-વિચારણા કર્યા બાદ આ મહત્વનો નિર્ણય કરાયો છે તેમ જણાવી તેમણે ઉમેર્યું કે રાજ્યમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી અંગે ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાલ ચાલુ છે અત્યાર સુધીમાં સવા ચાર લાખ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે અને આ પ્રક્રિયા આગામી તા.૨૦મી ઓકટોબર સુધી ચાલશે અને તા.૨૧મી ઓકટોબરથી રાજ્યભરમાં નાફેડના સંકલનમાં રહીને ખરીદી પ્રક્રિયા શરૂ કરાશે.

ગત વર્ષે રાજ્ય સરકારે ૪.૭૦ લાખ મેટ્રિક ટન મગફળી ટેકાના ભાવે ખરીદી કરી હતી અને આ વર્ષે પણ ૪.૭૦ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળી ખરીદવામાં આવે તેવો અંદાજ છે. મંત્રી રાદડિયાએ ઉમેર્યું કે મગફળીની ટેકાના ભાવે ખરીદી કેન્દ્ર સરકારના એફએકયુ અને નાફેડ દ્વારા કરાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મગફળીની ખરીદી દરમિયાન બારદાનમાં ૩૫ કિલોમાં ભરાવો કરવાનો નિર્ણય કર્યો હતો અને આ વર્ષે પણ ખેડૂતોના હિતમાં બારદાનમાં ૨૫ કિલો મગફળી ભરવાનો નિર્ણય કર્યો છે. જેનાથી ખેડૂતોની મુશ્કેલી ઘટશે અને સાથેસાથે બારદાનનો ખર્ચ, મજૂરીનો ખર્ચ અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ખેડૂતો વતી રાજ્ય સરકાર ભોગવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

સરકાર અને હિન્દુસ્તાન ઝિંક લિમિટેડની વચ્ચે એમઓયુ

દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તાર તાપી જિલ્લાના દોસવાડામાં વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેક્ષની સ્થાપના માટેના રૂ ગુજરાત સરકાર અને વેદાન્તા ગૃપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં સંપન્ન થયા હતા.મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ અને ઊદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ તથા હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના સી.ઈ.ઓ અરૂણ મિશ્રાએ આ રૂ પર હસ્તાક્ષર કર્યા હતા. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ અને ઊદ્યોગના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસે આ પ્રોજેકટસના પરિણામે રાજ્યના આદિજાતિ વિસ્તારની આર્થિક-સામાજીક વિકાસની ગતિ વધુ વેગવાન બનશે તેની ભૂમિકા આપી હતી. વેદાન્તા ગૃપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ આ પ્લાન્ટ માટે રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ દોસવાડામાં કરશે તેમજ એશિયા અને મિડલ ઈસ્ટના દેશોમાં ઝિંકની મોટાપાયે નિકાસ તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રિય સ્તરે વધતી જતી માંગને પહોચી વળવા પર આ પ્લાન્ટ દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરશે. વેદાન્તા ગૃપનું ગુજરાતમાં આ પ્રથમ મોટું સાહસ છે. હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના અગ્રવાલે આ પ્રોજેકટ ગુજરાતમાં શરૂ થવાની પહેલના મૂળમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં રાજ્ય સરકારનો સકારાત્મક પ્રતિસાદ રહેલો છે તેમ જણાવ્યું હતું.